**પોલીસ કમિશ્નર કચેરી, સુરત શહેર.**
**પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧**
વિશેષ શાખા,કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com

:: **જાહેરનામું** ::

# :: ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ ::

**ક્રમાંક: એસ.બી./ સરકારી કચેરીઓમાં અનઅધિ. વ્યક્તિ પ્રવેશ-પ્રતિબંધ / ૧૮૭ /૨૦૨૩.**

પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેર ના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવા કે, જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા ન્યાયાલય કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમા આવેલ સરકારી કચેરીઓ, જીલ્લા સેવા સદન-૨, મહાનગર પાલીકાની કચેરીઓ અને ઝોન ઓફીસો, પ્રાદેશીક વાહનવ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતરમાં કેટલાક બનાવો પરથી ઉક્ત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઇસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે, અથવા તો ગેરકાયદેસરની પ્રવૃતીઓ કરી ઉલટી સીધી વાતો કરી જાહેર જનતાને ભોળવીને કે ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃતીઓ કરી રહેલ હોવાનું પોલીસના જેવો લોગોં મુકી સમાચારપત્રો, આઇકાર્ડ કે વિઝીટીંગ કાર્ડ રાખી સરકારી કર્મચારી કે અધિકારી હોવાનો સમાજમાં ખોટો ભ્રમ ઉભો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી આમ જનતાને ગુમરાહ કરતા હોય છે.

તથા NGO કે અન્ય સંસ્થાઓ કે જે કાયદેસર રીતે કાર્યરત છે. તેમના નામે કર્મચારીઓને હેરાનગતી કરવાના ઈરાદે અથવા આમ જનતાને ખોટી ઓળખ આપી ખોટા કાર્ડ છપાવી/ બતાવીને પોતે આવી સંસ્થા સાથે સંકળાયેલા હોવાનો ભ્રમ ઉભો કરી સરકારી કચેરી અથવા અન્ય સ્થળોએ કેટલાક ઇસમો અનધિકૃત રીતે NGO કે અન્ય સંસ્થાઓ જેવી કે રાષ્ટ્રીય માનવ અધિકાર સંસ્થા, રાષ્ટ્રીય લાંચરુશ્વત વિરોધી સંસ્થા વગેરેના સરકારી કર્મચારી કે અધિકારી હોવાનું કે તે સંસ્થા સાથે સંકળાયેલ હોવાનું જણાવીને છેતરપીંડી કરતા હોય છે. અને લોકો તેમને સરકારી કર્મચારી/ અધિકારી ગણી છેતરાઇ જાય છે.

**::હુકમ::**

વાસ્તે, હું અજયકુમાર તોમર (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩(૧૯૭૪ ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું હુકમ કરું છું

પોલીસ કમિશ્નર સુરત શહેરના કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલ ઉક્ત પેરામાં જણાવ્યા પ્રમાણેની તમામ સરકારી કચેરીઓ તમામ પોલીસ સ્ટેશનો તેમજ જ્યાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી અન્ય તમામ સરકારી કચેરીઓમાં પોતાના સરકારી કામ માટે આવેલા હોય, અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય તે સિવાયના અનધિકૃત ઇસમો કે, ઇસમોની ટોળી, સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અનધિકૃત વચેટીયા તરીકે કામ કરતાં ઇરાદો રાખતા આવા વ્યકિત ઓ/ઇસમોના પ્રવેશ ઉપર તથા NGO કે તેના જેવી સંસ્થાઓના નામે કાર્ડ છપાવી/ બતાવીને સરકારી કર્મચારી/ અધિકારી હોવાનો ભ્રમ ઉભો કરી NGO કે તેના જેવી સંસ્થાઓ જોડે સંકળાયેલા હોવાનું જણાવી સરકારી કચેરી અથવા અન્ય સ્થળોએ છેતરપીંડી કરતા વ્યક્તિઓ/ ઇસમો પર પણ પ્રતિબંધ ફરમાવુ છું.

**-:અમલવારીનો સમય :-**

આ જાહેરનામાનો અમલ તા.૦૫/૧૧/૨૦૨૩ ના ક.૦૦-૦૦ થી તા.૦૩/૦૧/૨૦૨૪ ના ક.૨૪-૦૦ સુધીનો રહેશે.

-: **અમલવારીનો વિસ્તાર:-**

સુરત શહેર પોલીસ કમિશ્નર શ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

**-::શિક્ષા::-**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**:: જાહેર વિજ્ઞપ્તિ ::**

આ હુકમનો જાહેર જનતાને જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરની કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે, જી.પી.એક્ટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમનો જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજરોજ તા. ૦૨/૧૧/૨૦૨૩ ના રોજ મેં મારી સહી તથા સિક્કા કરી આપેલ છે

(અજયકુમાર તોમર)
પોલીસ કમિશ્નર
સુરત શહેર.

પ્રતિ,

(૧) અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧,૨ તથા , ટ્રાફિક એન્ડ ક્રાઇમ સુરત શહેર
(૨) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.
(૩) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ સુરત શહેર
(૪) તમામ પો.સ્ટે./ શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર,વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૫) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર(તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

<u>સવિનય નકલ રવાના</u> :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટેં.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરાસ બહુમાળી સુરત )
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત )
(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત (સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)